४९६५

गुजराती गोपिकागीत.

श्रीमद्वेदव्यासप्रणीत श्रीमद्भा-
गवतांतर्गत मूळ साथे.

रचनार,

रामचन्द्र शिवाजी जुन्नरकर.

मरहुम दिवान संस्थान ध्रांगध्रा.

પ્રગટકર્તા,

તેમના પુત્ર કેશવરાવ રામચંદ્ર તથા બળ-
વંતરાવ રામચંદ્ર જુન્નરકરે કરેલુ
શબ્દના અર્થ સાથે

મુંબઈ.

"નિર્ણયસાગર" યંત્રાલયમાં છપાવ્યું.

શાકે ૧૮૧૬, સંવત્ ૧૯૫૦

કિંમત ૪ આના.

गुजराती गोपिकागीत.

श्रीमद्वेदव्यासप्रणीत श्रीमद्भा-
गवतांतर्गत मूल साथे.

रचनार,

रामचन्द्र शिवाजी जुन्नरकर.

मरहुम दिवान संस्थान ध्रांगध्रा.

પ્રગટકર્ત્તા,

તેમના પુત્ર કેશવરાવ રામચંદ્ર તથા બળ-
વંતરાવ રામચંદ્ર જુન્નરકરે કઠણ
શબ્દના અર્થ સાથે

મુંબઈ,

“નિર્ણયસાગર” યંત્રાલયમાં છપાવ્યું.

શાકે ૧૮૧૩, સંવત્ ૧૯૪૮.

કિંમત ૪ આના.

॥ श्री गोपीगीत प्रारंभ ॥

ललितवृत्त

जयति तेऽधिकं जन्मना व्रज
　　श्रयत इंदिरा शश्वदत्र हि ।
दयित! दृश्यतां दिक्षु तावका-
　　स्त्वयि धृतासवस्त्वां विचिन्वते ॥ १ ॥

પ્રગટતાં પ્રભૂ! આપ આ વ્રજે
　　જય બધી જગે, જારિ છે મજે;
કરિ રહી વળી વાસ ઈન્દિરા
　　દયિત! દર્શ દ્યો વિશ્વસુન્દરા! ॥ ૧ ॥
સુખ તમામને આ વ્રજે હરી!
　　વિરહદુ:ખમાં ગોપસુન્દરી,
સકળ આપને તુલ્ય ભૂધરા! દયિત! દ૦ ॥૨॥
પ્રગટ છે થવૂં યોગ્ય આપને,
　　શમિત તો કરો બ્રેહ-તાપને;
બધિ દિશા અમે શોધવા ફર્યાં—દયિત! દ૦ ॥૩॥
મુકિ રહ્યા અમે આપ ઊપરે
　　અમતણા પ્રભૂ! પંચપ્રાણ રે!
"પિયુ! પિયૂ!" મુખે શબ્દ ઊચર્યા-દ૦! દ૦॥૪॥

शरदुदाशये साधुजातस-
त्सरसिजोदरश्रीमुषा दृशा ॥
सुरतनाथ! तेऽशुल्कदासिका
वरद! निघ्नतो नेह किं वधः? ॥ २ ॥

કમળગર્ભની શ્રીથિજે ચડે—
નજર આપની નાથ! તે વડે—
અધમુવા તમે કીધ માધવા!
કયમ મરેલને યાર! મારવાં? ॥ ૫ ॥

સુરતનાથ! છો દાસિ ગોપિકા,
વગર મૂલની ભોગદાયકા!
નહિ બળેલને યોગ્ય બાળવાં,—કયમ૦ ॥ ૬ ॥

વિરહસાગરે ઓરિયાં અરે!
વળિ વધારિ શૂં આશ આ અરે?
સ્મરસમુદ્રથી યોગ્ય તારવાં,—કયમ૦ ॥ ૭ ॥

પ્રણયને કુવે શીંકિને હવે,
વરત વાઢવો નૈજ સંભવે;
તમતણી લિલા છે ઉગારવા,—કયમ૦ ॥ ૮ ॥

विषजलाप्ययाद्व्यालराक्षसा-
द्वर्षमारुताद्वैद्युतानलात् ॥
वृषमयात्मजाद्विश्वतो भया-
दृषभ ! ते वयं रक्षिता मुहुः ॥ ३ ॥

વિષ અપારનો યાર ! કાળિયો—
સરપ તેતણો દર્પ ટાળિયો,
વિષસલીલનૂં ભે શમાવિયૂં,
વિરહ—સાગરે કાં ધરો પિયૂ? ॥ ૯ ॥

વ્રજ ગળી જવા ધાર્યુતૂં અરે,
અજગરાકૃતી તે અઘાસુરે,
કરિ વધ પ્રભૂ ! કષ્ટ કાપિયૂં,—વિરહ૦ ॥ ૧૦ ॥

પ્રલયમેઘ તે વર્ષતાં બહૂ,
ગિરિ ધરી તમે જાળવ્યાં સહૂ,
વૃષભવ્યોમનૂં સાલ કાઢિયૂં,—વિરહ૦ ॥ ૧૧ ॥

અગનિ પી તમે સર્વ જાળવ્યાં,
વિરહઅગ્નિમાં શૂ દઝાડવાં?
ભય બધૂં તમે તો મટાડિયૂં,—વિરહ૦ ॥ ૧૨ ॥

न खलु गोपिकानन्दनो भवा-
  नखिलदेहिनामन्तरात्मदृक् ॥
विखनसार्थितो विश्वगुप्तये
  सख! उदेयिवान्सात्वतां कुले ॥ ४ ॥

સકળ અંતરે સાક્ષિ છો ખરે !
  અખિલ વિશ્વમાં વ્યાપિને અરે !!
વિધવિધે અમે જોયું અંતરે,
  નથિજ ગોપિકાપુત્ર આપ રે ! ॥ ૧૩ ॥

યદુકુલોત્તમે જન્મ કાં તમે-
  લિધજ ? ગોતિયાં કારણો અમે,
જગત રક્ષવા જન્મ આ ખરે !—નથિજ૦ ॥ ૧૪ ॥

અસુર મસ્ત તો થૈ સમસ્ત રે !
  જગતિને પિડી દુઃખમાં ધરે;
જનમિયા વિધી પ્રાર્થના કર્યે,—નથિજ૦ ॥ ૧૫ ॥

જગત જાળવો છો કથારસે,
  બિરદ આપનૂં છે ધરા વિષે;
અજબ કૃત્યથી નક્કિ થાય રે !—નથિજ૦ ॥ ૧૬ ॥

विरचिताभयं वृष्णिधुर्य! ते
चरणमीयुषां संसृतेर्भयात्॥
करसरोरुहं कान्त! कामदं
शिरसि धेहि नः श्रीकरग्रहम्॥५॥

ચરણ આપને શર્ણે જે સદા,
અભય જે કરે તેનું સર્વદા;
યદુકુલોત્તમા! ભે કરી પરો,
અભય હસ્ત તે મસ્તકે ધરો. ॥ ૧૭ ॥

ભવભયો રહે દૂર જેથકી,
સ્પરશ જે થતાં કૃષ્ણજી! નકી;
લગિર લાગતાં શાંતિ લેઉરો,—અભય૦॥ ૧૮ ॥

મદનતાપ જે થાયછે સ્તને,
નખ સુ લાગતાં જેહના બને,
શમિત તે ત્વરે પીયુ! પાધરો—અભય૦॥ ૧૯ ॥

પ્રગટતાં રમા ક્ષીરસાગરે,
કર રમાતણો લીધ જે કરે;
મધુર માધવા! માર્દવે ભર્યો—અભય૦ ॥ ૨૦ ॥

व्रजजनार्तिहन्वीरयोषितां
निजजनस्मयध्वंसनस्मित ! ॥
भज सखे ! भवत्किंकरीः स्म नो
जलरुहाननं चारु दर्शय ॥ ६ ॥

નિરખતાં ખરે! જેહ ખાંતથી,
વ્રજજનો બચે દુઃખપાતથી;
થઈજ ના શકે પીડ કાંઈ, એ-
ધજ મુખાબ્જ તે તો બતાવિયે.॥ ૨૧ ॥

નિજ જનો અમે આપના અરે!
હૃદય આવડો રોષ કાં ખરે?
સતત જેતણી આશ રાખિયેં,—ધજ૦ ॥ ૨૨ ॥

ગરિબ દાસિયો આપની અમે,
અમપરે કૃપા રાખજો તમે;
નિરખવા પિયૂ નિત્ય ચાહિયેં,—ધજ૦ ॥ ૨૩ ॥

સહજ જો જુઓ ભાવથી હસી,
ગરવ જાયછે ઓ પિયૂ! ખસી;
સરસ સૂખનૂં સદ્મ ધારિયેં,—ધજ૦ ॥ ૨૪ ॥

प्रणतदेहिनां पापकर्षणं
तृणचरानुगं श्रीनिकेतनम् ॥
फणिफणार्पितं ते पदाम्बुजं
कृणु कुचेषु नः कृन्धि हृच्छयम् ॥७॥

અશુભ શીઘ્ર જે વંદને હરે,
કમલગ્ન સદા વસિત જ્યાં કરે;
તૃણચરાતણી સાથ જે ફર્યો,
પદ ધરી કુચે કામ સંહરો. ॥ ૨૫ ॥

નિજ સુધામૃતે લુબ્ધ તો થઈ,
ભ્રમરિને રૂપે શ્રી જહાં રહી;
શમન જે કરે તાપઉભરો,—પદ૦ ॥ ૨૬ ॥

ફણિતણી કરી જેર ફેણને,
પદતળે કર્યો પ્રાસ ક્ષેણ્યને;
સ્મરફણી પિડે ઊર, પાધરો—પદ૦ ॥ ૨૭ ॥

અમહૃદે વશ્યો પીયુ! ક્યારનો
હરજ દર્પે કંદર્પસર્પનો;
તરત જેથકી થાય તે પરો,—પદ૦ ॥ ૨૮ ॥

मधुरया गिरा वल्गुवाक्यया
बुधमनोज्ञया पुष्करेक्षण ! ॥
विधिकरीरिमा वीर ! मुह्यती-
रधरसीधुनाऽऽप्याययस्व नः ॥ ८ ॥

જનમથી અમે દાસિયો ખરી,
મધુરવેણુ તે સાંભળી હરી !
મુઢ બની ગઈ હે જગત્પતે !
સજિવ કીજિયેં સ્વાધરામૃતે. ॥ ૨૯ ॥

પદતણી રહી શૂં ખુબી મહીં !
લલિત વાણિ જે આપની સહી,
હૃદય મોહમાં ક્ષીણ સૂણિ તે,—સજિવ૦ ॥ ૩૦ ॥

તમતણી ગિરા સૂણિ સુંદરા,
પિયુ ! બુધો રહે મોહમાં ભર્યા;
અમતણી પછી શી કથાજ? તે,—સજિ૦ ॥ ૩૧ ॥

કમલ લોચના ! પીયુ ! વીર રે !
શરણ આપને તો છિયેં ખરે !
અવળું વર્તવૂં ના વડાઇ તે,—સજિ૦ ॥ ૩૨ ॥

तव कथामृतं तप्तजीवनं
कविभिरीडितं कल्मषापहम् ॥
श्रवणमङ्गलं श्रीमदाततं
भुवि गृणन्ति ते भूरिदा जनाः ॥९॥

સુણિજ સત્વરે જે સતપ્ત રે!
તરત થાય તે પીયુ! શાંત રે!
અમૃતની ખુબી મૈં અપૂર્વ તે,
પિયુકથા કરે ધન્ય દાતૃ તે. ॥ ૩૩ ॥

કવિ કરે ઘણી સ્તૂતિ જેતણી,
રસિક અગ્રણી સર્વમાં ગણી;
સકળ જાતના કલ્મષો મથે,—પિયુ૰ ॥ ૩૪ ॥

શ્રવણુ સાંભળ્યે તૃપ્તિ ના કદા,
ખચિત જે પિયૂ! મંગલપ્રદા,
સુખનું મૂળ છે સુજ્ઞના મતે,—પિયુ૰ ॥ ૩૫ ॥

જ્યમ રમા ઠરે આપનાં ઉરે,
ત્યમજ મુક્તિ રે' શ્રીકથાપરે;
જન ઉદ્દાર જે દે શ્રિ સારિ તે—પિયુ૰ ॥ ૩૬ ॥

प्रहसितं प्रिय! प्रेमवीक्षणं
 विहरणं च ते ध्यानमङ्गलम् ॥
रहसि संविदो या हृदिस्पृशः
 कुहक! नो मनः क्षोभयन्ति हि॥१०॥

હસવું આપનૂં મંદમંદ છે,
 પિડ શમાવવા જે અમંદ છે;
પણ હવે કહો કેમ તે અરે-
 અમ મને ઠગ! ક્ષોભને કરે? ॥ ૩૭ ॥

શુભ વિહાર હે પીયુ! કીધ જે,
 રહિ સદા કને ભોગિ છે મજે;
વળિ સુ મંગલધ્યાન તે ખરે—અ૦ ॥ ૩૮ ॥

ગુજવિનોદ તે આપનો ખુંચે-
 થઇજ સાલ રે! આ રદા વચે;
લગિર શાંતિ તો થાય ના ઉરે—અ૦ ॥ ૩૯ ॥

પ્રણુતલોકની પીડ ટાળવા,
 તમતણી લિલા છેજ માધવા!
ત્યમ છતાંજ કાં આ સમે અરે—અ૦ ॥ ૪૦ ॥

चलसि यद्व्रजाच्चारयन्पशू-
न्नलिनसुन्दरं नाथ! ते पदम् ॥
शिलतृणाङ्कुरैः सीदतीति नः
कलिलतां मनः कान्त! गच्छति॥११॥

ચરણ ચાલતાં ચારવા પશૂ,
વ્રજથકી વને નિત્ય હામશૂ;
પદ તમોતણાં ક્ષીણ થાય રે!
અમતણાં મનો તો દુખાય રે! ॥ ૪૧ ॥

કઠણ કંથ! છે આ વસુંધરા,
મહિં જહાં તહાં છેજ કાંકરા;
ચરણ કોમળે તે ભરાય રે—અ० ॥ ૪૨ ॥

વળિ તૃણાંકુરો કંટકો-સમા,
મૃદુલ ચર્ણને લાગશે, ખમા!!
ફિકર તેતણી ભારિ થાય રે!—અ० ॥ ૪૩ ॥

સ્મરવિલાસમાં સેજ ઊપરે,
ચરણઅબ્જ રે,' તે વને ફરે;
બહુ હૃદે ખુંચે જેમ સાલ રે—અ० ॥૪૪॥

दिनपरिक्षये नीलकुन्तलै-
र्वनरुहाननं बिभ्रदावृतम् ॥
घनरजस्वलं दर्शयन्मुहु-
र्मनसि नः स्मरं वीर ! यच्छसि ॥ १२ ॥

દિવસ આથમે ઘેર જ્યાં તમે,
વનથકી વળો સાંજના સમે;
વિકળતા દિલે પીયુ ! આપિને,
મદન કાં મુકો ગોપિને મને ? ॥ ૪૫ ॥

કુટિલ કુતંલો ભ્રંગ ઊપરે,
રજ પરાગથી જે ભર્યૂ ખરે !
શુભ મુખાબ્જ તે તો બતાવિને—મ૦ ॥ ૪૬ ॥

હણિજ રાક્ષસો જ્યાં ફરો ઘરે,
પિયુ ! જણાવછો શૂરવીર રે !
વદન-ચંદ્રની ઝાંખિ આપિને—મ૦ ॥ ૪૭ ॥

તમતણે મુખે ખૂબિ નીરખ્યે,
શશિ સલજ્જ તે હોયને રખે;
સરસ મૂખડું તે જણાવિને—મ૦ ॥ ૪૮ ॥

प्रणतकामदं पद्मजार्चितं
धरणिमण्डनं ध्येयमापदि ॥
चरणपङ्कजं शंतमं च ते
रमण! नस्तनेष्वर्पयाधिहन् ॥ १३ ॥

પુરણ જે કરે વંદિ કામના,
ચરણ આપનો નંદનંદના!
સ્મરિજ જેહને આપદા હરે,
ચરણ તે ધરો ગોપિકાઉરે. ॥ ૪૮ ॥

સરસિજોદ્દ્ભવે નિત્ય પૂજિયો,
નિજ કરી બધી સ્થીર વૃત્તિયો;
પ્રણતની ખરે! કામના પુરે—ચરણ૦ ॥ ૫૦ ॥

અવનિનો અલંકાર જે અતી,
જરૂર જાણિયેં રે જગતપતી!
નહિં બરાબરી જેનિ કો કરે—ચરણ૦ ॥ ૫૧ ॥

જન વિપત્તિમાં નીજ અંતરે,
સતત જેહનૂં ધ્યાન રે ધરે;
શિવદ પૂર્ણ જે આપનો ખરે—ચરણ૦ ॥ ૫૨ ॥

सुरतवर्धनं शोकनाशनं
स्वरितवेणुना सुष्ठु चुंबितम् ॥
इतररागविस्मारणं नृणां
वितर वीर! नस्तेऽधरामृतम् ॥१४॥

સુરતની કરે વૃદ્ધિ જે ખરે।
દિલગિરી હરે જે તમામ રે।
ગરિબ ગોપિયો છે પિડાઇ, એ—
અધરની સુધા સારિ પાઇયેં. ॥૫૩॥

વદનમાં વને વેણુયે વસી—
તમતણા, કરી નાદ, રાજસી—
લિધજ લાવ ત ચુંબનાદિ, એ—અધર૦ ॥૫૪॥

અવર વાતની થાય વિસ્મૃતી,
અજબ જેહની છે ચમત્કૃતી;
અનુપમૌષધા પીયુ! આંહિં, એ—અધર૦ ॥૫૫॥

સુરતની થઈ તૃપ્તિ તોય રે।
અધર આપના ચુંબતાં ખરે।
સુરતવાસના ફેર થાય, અ—અધર૦ ॥૫૬॥

अटति यद्भवानह्नि काननं
त्रुटिर्युगायते त्वामपश्यताम् ॥
कुटिलकुन्तलं श्रीमुखं च ते
जड उदीक्षतां पक्ष्मकृद्दृशाम् ॥१५॥

કુટિલ કુંતલે યુક્ત મૂખડું,
નવ જણાય જે, દુઃખ તે વડું!
ઝટકિને વને આવતાં તમે,
વિઘન શૂં કર્યૂં પાપિ પાપણે? ॥ ૫૭ ॥

નિરગમી ક્ષણો રે યુગોપમાં,
દિવસ કાઢિયો સંકટે ઘણો;
નિરખતાં પિયૂ! શ્રીમુખાબ્જને—વિ૦ ॥ ૫૮ ॥

નયનથી સુખે નિર્ખતાં ખરે!
ફરકિ પાપણો આડિ જો ફરે;
સહન કેમ તે થાય પ્રાણને?—વિ૦ ॥ ૫૯ ॥

"સરજિ પાપણો શૂં અહ્યા વિધી!"
મરડિ આંગળાં ગોપિયો બધી—
બહુજ આપિયેં રીટકારને—વિઘન૦ ॥ ૬૦ ॥

पतिसुतान्वयभ्रातृबान्धवा-
नतिविलङ्घ्य तेऽन्त्यच्युतागताः ॥
गतिविदस्तवोद्गीतमोहिताः
कितव ! योषितः कस्त्यजेन्निशि ॥१६॥

ગૃહણુ તો કર્યો પાણિ જેહનો,
પતિજ નામનો જે હમેશનો;
તજિજ ચાહિયે નિત્ય આપને,
કપટિ! કો તજે રાત્રિમાં સ્ત્રિને? ॥ ૬૧ ॥

તનય ભાઇને બાંધવો તજ્યા,
સતત અચ્યુતા ! આપને ભજ્યા;
તજિ દિધી બધી લાજ આ જને—કપ૦ ॥ ૬૨ ॥

મધુર ધ્વન તે વેણુની સુણી,
યુવતિયો અમે બ્હાવરી બની;
થઇ વિમોહિતા આવિ આ વને—કપ૦ ॥ ૬૩ ॥

શરણુ જે થયાં રાખવાં ઘટે,
નકિ સતાવતાં યોગ્યતા ઘટે;
અમતણી ગતી જાણુ આપને—કપ૦ ॥ ૬૪ ॥

रहसि संविदं हृच्छयोदयं
प्रहसिताननं प्रेमवीक्षणम् ॥
बृहदुरःश्रियो वीक्ष्य धाम ! ते
मुहुरतिस्पृहा मुह्यते मनः ॥१७॥

ગુજવિનોદ તે એકલાં અમે,
સ્મરિ થયાં સ્મરાતૂર આ સમે;
મન નહીં સ્થળે આકળૂં બને,
ઘડિઘડિ સ્પૃહા થાયછે મને. ॥ ૬૫ ॥

હસતું મૂખડૂં આપનૂં હરી!
નિરખણી ભલી સ્નેહની ભરી;
સ્મરણથી કરે સજ્જ કામને—ઘડિ૦ ॥ ૬૬ ॥

તમવિના પ્રભૂ! પ્રાણ જાય રે!
પણ કૃપાલવે જીવિયેં ખરે!
નિરખવા જગન્નાથ! આપને—ઘડિ૦ ॥ ૬૭ ॥

અતિ વિશાળ છે ઉર આપનૂં,
સ્ફુરણ થાયછે જોઇ કામનૂં;
સુરતની અમો ગોપિકાજને—ઘડિ૦ ॥ ૬૮ ॥

व्रजवनौकसां व्यक्तिरङ्ग ते
वृजिनहन्त्र्यलं विश्वमङ्गलम् ॥
त्यज मनाक् च नस्त्वत्स्पृहात्मनां
स्वजनहृद्रुजां यन्निषूदनम् ॥ १८ ॥

વ્રજ વિષે રહી સર્વદા ખરે!
વ્રજજનોતણાં પાતકો હરે!
મુરતિ તે રૂડી આપની હરી!
ઉરપિડા હરો દાખવી કરી. ॥ ૬૯ ॥

ભુવનમંગળો મૂર્ત્તિ તે કરે,
કયમ કહો હવે તેહ વીસરે?
મુરતિ મ્હેરથી સર્વદા ભરી—ઉરપિડા૦ ॥ ૭૦ ॥

પિયુતણી સ્પૃહા આત્મમાં ઠરી,
તમવિના ગમે ના કયમે કરી;
હસમુખી છબી આપની જરી—ઉરપિડા૦ ॥ ૭૧ ॥

મદન અંતરે રોગ જે કરે,
સરસ છે દવા તેહની ખરે;
યુવતિયો અમે રોગથી ભરી—ઉરપિડા૦ ॥ ૭૨ ॥

यत्ते सुजातचरणाम्बुरुहं स्तनेषु
भीताः शनैः प्रिय! दधीमहि कर्कशेषु॥
तेनाटवीमटसि तद्व्यथते न किंस्वि-
त्कूर्पादिभिर्भ्रमति धीर्भवदायुषां नः १९

ચરણ અબ્જ જે જન્મથી હરી,
મૃદુલતાતણી જે સિમા ખરી;
વન વિષે ફર્યે વિશ્વસુંદરા!
મૃદુપદે ખુંચે પીયુ! કાંકરા. ॥ ૭૩ ॥

અમતણાં મહા કર્કશ સ્તને,
બહુ બિયેં પદો મૂકતાં ધિમે;
મહિવિષે ફરી તેહ સુંદરા!—મૃદુપદે૦ ॥ ૭૪ ॥

દિલગિરી ઘણી થાય છે દિલે,
સરજિ કાંકરી કાં વિધી ખળે?.
ધિક પ્રવીણતા તેનિ ભૂધરા!—મૃદુપદે૦ ॥ ૭૫ ॥

સુખતણા બધા સાજ સર્જવા,
ઉચિત તેહને આજ માધવા!
નિરખિને અમે દુઃખથી ભર્યા—મૃદુપદે૦ ॥૭૬॥

इति गोप्यः प्रगायन्त्यः
प्रलपन्त्यश्च चित्रधा ॥
रुरुदुः सुस्वरं राज-
न्कृष्णदर्शनलालसाः ॥ २० ॥

વિરહિ હાલતે રાંકડી થતી,
મધુર રાગને કાઢતી અતી;
કરતિ ગાન તે તાનથી કરી,
સકળ એ રિતે ગોપસુંદરી. ॥ ૭૭ ॥

"વિરહ પીયુનો ના ખમાય રે!"
કહિ વિલાપને કર્તિ 'હાય રે;'
નયનમાં બહુ આંસુડાં ભરી—સકળ૦ ॥ ૭૮ ॥

નહિં સુકાય તે આંસુ આંખના,
ઘડિ ઘડી રૂયે, જીવ ઠામ ના;
વિરહમાં અતી થાતિ બ્હાવરી—સકળ૦ ॥ ૭૯ ॥

હરિ વિના કદી ચેન નૈ પડે,
"હરિ" જિભે રૂડૂં નામ એ ચડે;
નિરખવા હરી લાલસા ધરી—સકળ૦ ॥ ૮૦ ॥

तं विलोक्यागतं प्रेष्ठं
प्रीत्युत्फुल्लदृशोऽबलाः ॥
उत्तस्थुर्युगपत्सर्वा-
स्तन्वः प्राणमिवागतम् ॥ २१ ॥

રૂદન સૂણિને ત્યાં દયાભરે,
પ્રગટ રૂપ શ્રી કૃષ્ણજી કરે;
નિરખિ ગોપિના તે સુભાગિયા—
પ્રગટતાં પ્રભૂ પ્રાણ આવિયા. ॥ ૮૧ ॥

વસન પીળું ને હાર કંઠમાં,
નિરખિ ગોપિયો બોલતી 'ખમા'!!
વિરહતાપ સંતાપ ટાળિયા—પ્રગટતાં૦॥૮૨॥

ત્વરિત હોડિને કોઇ તો કરે,
કઇક બાઝતી પીતઅંબરે;
કઇક કૃષ્ણને જઇ અલિંગિયા—પ્રગટતાં૦॥ ૮૩ ॥

'પ્રગટ પ્રાણ છો શ્રીપતી! ખરે,
હરિ! તમોપરે વારિ જાઉં રે!
સુખિ દિનો હવે કે'તિ ભાળિયા'—પ્રગટતાં૦॥૮૪॥

શિવસુતે સ્તુતી ગોપિકાકૃતી,
ગુરજરી કરી છે યથામતી;
અરપિ શ્રીશના શ્રીપદાબ્જમાં,
ભણિ જનો રહે રોજ મોજમાં. ॥ ૮૫ ॥

इति श्रीभागवते महापुराणे दशमस्कंधे
गोपीगीते कृष्णस्तुतिर्नाम एक-
त्रिंशोऽध्यायः ३१

ઈતિ શ્રી રામચંદ્ર શિવાજી જુમરકરકૃત
ગુજરાતી ગોપિકાગીત સમાપ્ત.
શ્રીકૃષ્ણાર્પણમસ્તુ શુભંભવતુ.

કઠણ શબ્દનો કોષ.

અખિલ=	બધું.
અગ્રણી=	આગેવાન.
અજગરાકૃતિ=	અજગરના આકારનું.
અનુપમૌષધી=	ઉપમા ન અપાય એવું [ઓસડ.
અવની=	પૃથ્વી.
અશુભ=	પીડા, દુઃખ.
અબ્જ=	કમળ.
ઇંદિરા=	લક્ષ્મી.
કમળજા=	લક્ષ્મી.
કંદર્પ=	કામ.
કલ્મષ=	પાપ.
કુટિલ કુંતલ=	વાંકા વાળ.
કર્કશ=	કઠોર.
કૃપાલવ=	કૃપાનો લેશ.
ક્ષૈણ્ય=	ક્ષીણપણું.

ગિરા=	વાણી.
ગુજવિનોદ=	છાની વાતો.
જગતિ=	પૃથ્વી.
દયિત=	પિયૂ.
દર્શ=	દર્શન.
દાતૃ=	દાતા.
ધરા=	પૃથ્વી.
નંદનંદન=	નંદના પુત્ર.
પદ=	શબ્દ, પગ.
પ્રણતલોક=	આશ્રિત લોક.
પ્રણય=	પ્યાર.
પાણિ=	હાથ.
ફણિ=	સરપ.
બુધ=	પંડિત, ડાહ્યો.
ભૂધર=	પૃથ્વી ધારણ કરનાર ઈશ્વર.
માર્દવ=	મૃદુપણું.
મંગલપ્રદા=	શુભ આપનાર.
મદન=	કામદેવ.

યદુકુલોત્તમ=	ઉત્તમ યાદવ કુલ.
યુગોપમ=	યુગના જેવું.
રમા=	લક્ષ્મી.
વસન=	કપડું.
વિશ્વસુંદર=	જગતમાં ખુબસુરત.
વૃષભ=	વૃષાસુર દૈત્ય.
વ્યોમ=	વ્યોમાસુર દૈત્ય.
વસુંધરા=	પૃથ્વી.
શશી=	ચંદ્રમા.
શિવદ=	કલ્યાણ આપનાર.
શ્રી=	લક્ષ્મી.
સલીલ=	પાણી.
સદ્મ=	ઘર.
સ્મર=	કામદેવ.
સતપ્ત=	તપેલું.
સરસિજોદ્ભવ=	બ્રહ્મા.
સતત=	હમેશાં

સુરતનાથ= સુરતના સ્વામી, આપનાર·

સુજ્ઞ= સારીપેઠે જાણીતા.

સુધા= અમૃત.

સ્વાધરામૃત= પોતાના અધરનું અમૃત.

સમાપ્ત.